**Session Case No.**6/2022 & 5/2025

નામદાર ગુજરાત હાઈકોર્ટ નોટીફિકેશન નં.સી.૨૦૦૧/૯૩, તા.૨૦–૦૫–૨૦૨૨ માં ઠરાવેલ પ્રોફોમાં મુજબ :–

**આંક–     .**

**ફોર્મ–'એ'**

**દાહોદ જીલ્લાની બીજા એડિશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.લીમખેડા, જી.દાહોદ.**

**શ્રીમતી એમ.એમ.સોની, બીજા એડિશ્નલ ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ,**
**(ચુકાદાની તારીખ : ૦૯/૦૭/૨૦૨૬)**

**(સેશન્સ કેસ નં.૬/૨૦૨૨)**
**+**
**(સેશન્સ કેસ નં.૫/૨૦૨૫)**

(એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન)

ધાનપુર પો.સ્ટે.ફ.ગુના રજી.નં.૧૭/૨૦૦૬.

ગુનો :– ભારતીય દંડ સંહીતાની કલમ –૩૯૪, ૩૯૭ મુજબ.

પોલીસ સ્ટેશન :– ધાનપુર પોલીસ સ્ટેશન.

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br><br>(મુળ ફરિયાદી :– ભારતભાઇ પરથીભાઇ ગોહીલ) |
| ફરિયાદ પક્ષે વકીલશ્રી | વી.એ.પી.પી.શ્રી એસ.વી.તડવી |
| આરોપી | **સેશન્સ કેસ નં.૬/૨૦૨૨**<br>૧.બાલુભાઇ રસુલભાઇ પરમાર<br>રહે.– કાંટુ,<br>તા.ધાનપુર, જી.દાહોદ.<br>૨.રૂમાલભાઇ કાળીયાભાઇ પલાસ<br>રહે.– ખજુરીયા, |

| | |
|---|---|
| | તા.ગરબાડા, જી.દાહોદ.<br>**સેશન્સ કેસ નં.૫/૨૦૨૫**<br>૧.નરેશભાઈ વાઘજીભાઈ પલાસ<br>રહે.–આંબલી ખજુરીયા<br>તા.ગરબાડા, જી.દાહોદ. |
| આરોપી તરફે વકીલશ્રી | આર.વી.વણકર + એ.વી.ચૌહાણ |

## ફોર્મ–'બી.'

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૨૫–૦૫–૨૦૨૬ |
| ફરીયાદની તારીખ | તા.૨૬–૦૫–૨૦૨૬ |
| ચાર્જસીટની તારીખ | સેશન્સ કેસ નં.૦૬/૨૦૨૨<br>તા.૨૫–૦૧–૨૦૦૭<br>+<br>સેશન્સ કેસ નં.૦૫/૨૦૨૫<br>તા.૨૯–૦૩–૨૦૨૩ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | સેશન્સ કેસ નં.૦૬/૨૦૨૨<br>તા.૩૦–૦૬–૨૦૨૨<br>+<br>સેશન્સ કેસ નં.૦૫/૨૦૨૫<br>તા.૨૪–૦૪–૨૦૨૫ |
| પુરાવો શરુ કર્યાની તારીખ | તા.૦૬–૦૨–૨૦૨૩ |
| ચુકાદો સંરક્ષીત રાખ્યાની તારીખ | તા.૦૯–૦૭–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા.૦૯–૦૭–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ,જો કોઇ હોય તો, | – |

**<u>આરોપીની વીગત :–</u>**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુકત કરવામા આવેલ હોય તો તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે. | નીર્દોષ છોડવામા આવ્યા છે કે કસુરવાર | શુ સજા કરી ? | સી.આર.પી.સી.ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમયાન કેટલો સમય કાચા કામના કેદી |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | તરીકે રહેલા છે. |
| **સેશન્સ કેસ નં. ૬/૨૦૨૨** | | | | | | | |
| ૧ | બાલુભાઈ રસુલભાઈ પરમાર | ૧૩–૦૭–૨૦૦૬ | ૦૪–૧૧–૨૦૦૬ | ૩૯૪, ૩૯૭ મુજબ | નિર્દોષ | -- | ૦૩ મહીના, ૨૨ દિવસ. |
| ૨ | રૂમાલભાઈ કાળીયાભાઈ પલાસ | ૧૩–૦૭–૨૦૦૬ | ૩૧–૦૭–૨૦૦૬ | ૩૯૪, ૩૯૭ મુજબ | નિર્દોષ | -- | ૧૮ દિવસ. |
| **સેશન્સ કેસ નં. ૫/૨૦૨૫** | | | | | | | |
| ૧. | નરેશભાઈ વાધજીભાઈ પલાસ | ૨૮–૦૫–૨૦૦૬ | ૧૨–૦૬–૨૦૦૬ | ૩૯૪, ૩૯૭ મુજબ | નિર્દોષ | -- | ૧૪ દિવસ. |

## ફોર્મ–'સી'

## ફરીયાદ પક્ષે /બચાવ પક્ષે / કોર્ટ તરફે સાહેદ લીસ્ટ

### એ./ફરીયાદ પક્ષે સાહેદ લીસ્ટ (સેશન્સ કેસ નં.૬/૨૦૨૨)

| પી.ડબલ્યુ/આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| P.W.1/આંક-૦૬ | ભારતભાઈ પરથીભાઈ ગોહીલ | ફરીયાદી |
| P.W.2/ આંક-૧૦ | ધીરજભાઈ પરથીભાઈ ગોહીલ | સાહેદ |
| P.W.3/આંક-૧૧ | સુમલાભાઈ પરથીભાઈ ગોહીલ | સાહેદ |
| P.W.4/આંક-૧૪ | પ્રકાશભાઈ ભારતાભાઈ ગોહીલ | સાહેદ |
| P.W.5/આંક-૧૯ | રમેશભાઈ મકનસીંહ બામણીયા | પંચ |
| P.W.6/આંક-૨૧ | હીરાભાઈ મકનાભાઈ ડામોર | પંચ |
| P.W.7/આંક-૨૨ | વાલચંદભાઈ ઉકારભાઈ પરમાર | પંચ |
| P.W.8/આંક-૨૪ | સોમજીભાઈ માનસીંગભાઈ ભુરીયા | પંચ |
| P.W.9/આંક-૨૬ | રમેશભાઈ સબુરભાઈ બામણીયા | પંચ |
| P.W.10/આંક-૩૦ | બાબુભાઈ મોતીભાઈ મખોડ | પંચ |
| P.W.11/આંક-૩૩ | કનુભાઈસવલાભાઈ ભાભોર | પંચ |
| P.W.12/આંક-૩૫ | કરણભાઈ માનસીંગભાઈ ચૌહાણ | પંચ |
| P.W.13/આંક-૪૬ | અમરસીંહ દલાભાઈ ચૌહાણ | પંચ |
| P.W.14/આંક-૫૯ | તેરુભાઈ માનજીભાઈ હઠીલા | પંચ |

| | | |
|---|---|---|
| P.W.15/આંક-૬૪ | ધનાભાઈ પરથીભાઈ ગોહીલ | સાહેદ |
| P.W.16/આંક-૮૬ | ચેતનભાઈ બાબુભાઈ બરંડા | ત.ક.અમલદાર |

**એ./ફરીયાદ પક્ષે સાહેદ લીસ્ટ (સેશન્સ કેસ નં.૫/૨૦૨૫)**

| **પી.ડબલ્યુ/આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| P.W.1/આંક-૦૮ | ભારતભાઈ પરથીભાઈ ગોહીલ | ફરીયાદી |

**બી./બચાવ પક્ષે સાહેદ લીસ્ટ**

| **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| -- | | |

**સી./કોર્ટ પક્ષે સાહેદ લીસ્ટ**

| **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| -- | | |

**ફરીયાદ પક્ષે /બચાવ પક્ષે / કોર્ટ પક્ષે આંક :**

**એ./ફરીયાદ પક્ષે આંક : (સેશન્સ કેસ નં.૬/૨૦૨૨)**

| **અ.નં.** | **વીગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૭ |
| ૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૨૦ |
| ૩ | મુદ્દામાલ મળી આવ્યાનુ પંચનામુ | ૨૩ |
| ૪ | મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૨૭ |
| ૫ | આરોપી બાલુ રસુલનુ અટક પંચનામુ | ૨૮ |
| ૬ | આરોપી રૂમાલ કાળીયાનુ અટક પંચનામુ | ૨૯ |
| ૭ | આરોપી બાલુ રસુલ પાસેથી કબજે કરેલ છડાની ઓળખનુ પંચનામુ | ૩૬ |
| ૮ | મુદ્દામાલ ઓળખનુ પંચનામુ | ૩૪ |
| ૯ | મુદ્દામાલ ઓળખનુ પંચનામુ | ૬૦ |
| ૧૦ | મેડીકલ સર્ટીફીકેટની નકલ | ૭૫,૭૬ |

**એ./ફરીયાદ પક્ષે આંક : (સેશન્સ કેસ નં.૫/૨૦૨૫)**

| અ.નં. | વીગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૯ |
| ૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૦ |
| ૩ | મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૧૧ |
| ૪ | આરોપી બાલુ રસુલનુ અટક પંચનામુ | ૧૨ |
| ૫ | આરોપી રૂમાલ કાળીયાનુ અટક પંચનામુ | ૧૩ |
| ૬ | શોધનું પંચનામુ | ૧૪ |
| ૭ | ઓળખ પરેડના પંચનામા | ૧૫,૧૬ |
| ૮ | મેડીકલ સર્ટીફીકેટની નકલો | ૧૭,૧૮ |
| ૯ | મુદ્દામાલ ઢોર આ કામના ફરીયાદીને સુપ્રત થયાની પાવતી | ૧૯ |

**બી./બચાવ પક્ષે આંક :**

| અ.નં. | વીગત | આંક |
|---|---|---|
| -- | | |

**સી./કોર્ટ પક્ષે આંક:**

| અ.નં. | વીગત | આંક |
|---|---|---|
| -- | | |

**કબજે કરેલ મુદ્દામાલ આંક:**

| અ. નં. | આર્ટીકલ નંબર | વીગત |
|---|---|---|
| ૦૧ | મુદ્દામાલ પાવતી નંબર ૨૦/૨૦૦૬ | ૧.એક જોડ પ્લાસ્ટીકના ભુખરા રંગના ચંપલ જુના વપરાયેલા-૨. કિં.રૂા.૦૦/- |
| ૦૨ | મુદ્દામાલ પાવતી | **આરોપી મથુર પલાસના ઘરેથી કબજે કરેલ** |

| | | |
|---|---|---|
| | નંબર ૧૭/૨૦૦૬ | ૧. બકરી નંગ-૪ જેમા ૧ બકરી રાતા રંગની તથા ૩ બકરી કાળા રંગની કિં.રૂ.૨૦૦૦/-<br>૨. ચાંદીનુ ભોરીયુ ૧૦૦ ગ્રામ વજનનુ કિં.રૂ.૧૦૦૦/-<br>૩.સોના પીળા જેવો ધાતુનો કાંટો-૧ કિં.રૂ.૫૦૦/-<br>**આરોપી નરેશ વાઘજી પલાસના ઘરેથી કબજે કરેલ**<br>૧. બળદ નંગ-૨ જેમા એક સફેદ તથા બીજો રાતા રંગનો કિં.રૂ.૨૦૦૦/-<br>૨. ચાંદી જેવા રુપાના છડા જોડ-૧,૧૦૦ ગ્રામ વજનના કિં.રૂ.૧૦૦૦/-<br>**આરોપી રૂમાલભાઇ કાળીયાભાઇ પલાસના ઘરેથી કબજે કરેલ**<br>૧. બળદ નંગ-૨ જે સફેદ રંગના કિં.રૂ.૨૦૦૦/- |
| ૦૩ | મુદ્દામાલ પાવતી નંબર ૨૧/૨૦૦૬ | **આરોપી નરેશ વાઘજી પલાસ પાસેથી કબજે કરેલ**<br>૧. વાંસની લાકડી-૧ કિં.રૂ.૦૦/-<br>**આરોપી વીનુભાઇ મથુરભાઇ પલાસ પાસેથી કબજે કરેલ**<br>૧. વાંસની લાકડી-૧ કિં.રૂ.૦૦/- |
| ૦૪ | મુદ્દામાલ પાવતી નંબર ૨૯/૨૦૦૬ | **આરોપી બાલુભાઇ રસુલભાઇ પરમાર પાસેથી કબજે કરેલ**<br>૧. એક જોડ છડા કિં.રૂ.૧૦૦૦/-<br>૨. વાંસની લાકડી-૧ કિં.રૂ.૦૦/- |

**-::: જ જ મે ન્ટ :::-**

**૧.** ઉપરોકત બંન્ને સેસન્સ કેસો એકજ ગુના રજીસ્ટરમાથી ઉદભવેલા એક સાથે ચલાવી આ કોમન જજમેન્ટથી એક સાથે નીર્ણીત કરવામા આવેલ છે.

**૨.** ફરીયાદ પક્ષના કેસની હકીકત મુજબ આ કામના ફરીયાદી ભારતાભાઇ પરથીભાઇ ગોહીલ રહે.મંડોર આશ્રમ ફળીયુ તા.ધાનપુર જી.દાહોદ નાએ તા.૨૬-૦૫-૨૦૨૬ ના રોજ ધાનપુર પોલીસ સ્ટેશનમા નોંધાવેલ ફરીયાદની ટુંકમા હકીકત એવી છે કે, તા.૨૫/૫/૨૦૨૬ ના રોજ રાત્રીના આશરે કલાક ૨૩:૦૦ વાગ્યાના સુમારે મોજે મંડોર ગામે આ કામના ફરીયાદી તેમના ઘરના આંગણામાં બહાર ઉંઘી રહેલ હતા અને આ કામના સાહેદો ઘરની ઓસરીમા ઉંઘી રહેલા હતા. તે વખતે આ કામના આરોપીઓ તથા સહ આરોપીઓએ ફરીયાદીના ઘરે આવી ફરીયાદી તથા

સાહેદોને લાકડીથી માર મારી ઘરમા બાંધી રાખેલ બળદ નંગ–૪ તથા બકરા નંગ–૪ તથા શરીરે પહેરેલ ચાંદીના દાગીના તથા નાકે પહેરવાનો સોનાનો કાંટો મળી કુલ કિ.રૂા.૧૧,૯૦૦/– મત્તાની લુંટ કરી નાશી જઇ ઈ.પી.કો.ક. ૩૯૪, ૩૯૭ મુજબનો ગુનો કરેલ હોય તેઓના વિરુધ્ધ કાયદેસરની તપાસ થવા ફરીયાદ છે.

**૩.** ઉપર મુજબની ફરિયાદ હકીકત ધાનપુર પોલીસ મથકના પો.સ.ઈ. રૂબરૂ જાહેર કરતા ધાનપુર પો.સ્ટે.ફ.ગુના રજી.નં.નં.૧૭/૦૬ થી ભારતીય દંડ સહિતાની કલમ–૩૯૪, ૩૯૭ મુજબના ગુનાઓ દાખલ કરી આગળની તપાસ ત.ક.અમલદારને સોંપવામાં આવેલી.

**૪.** ત.ક.અમલદારે તપાસના કામે જરૂરી કાર્યવાહી કરી આરોપી બાલુભાઇ રસુલભાઇ પરમારને તથા રૂમાલભાઇ કાળીયાભાઇ પલાસને અટક કરી તે અંગેના જરૂરી પંચનામા કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતો હોય તપાસના અંતે ધાનપુરના વિ.જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટમાં તા.૨૫/૦૧ /૨૦૦૭ ના રોજ ચાર્જશીટ રજુ કરેલ. જે ચાર્જશીટ ધાનપુરના વિ. જયુડી. મેજીસ્ટ્રેટ ફ.ક કોર્ટના ક્રિમિનલ રજીસ્ટરે ક્રિમિનલ કેસ નં.૩૭ /૨૦૦૭ થી નોંધવામાં આવેલ અને આરોપીઓ વિરુધ્ધ સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ.

તે ઉપરાંત આ કામના અન્ય આરોપી નરેશભાઇ વાઘજીભાઇ પલાસ મળી આવતા તેઓને અટક કરી જરૂરી કાર્યવાહી કરી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતો હોય તપાસના અંતે ધાનપુરના વિ.જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટમાં તા.૨૭/૦૧/૨૦૨૫ ના રોજ ચાર્જશીટ રજુ કરેલ. જે ચાર્જશીટ ધાનપુરના વિ. જયુડી. મેજીસ્ટ્રેટ ફ.ક કોર્ટના ક્રિમિનલ રજીસ્ટરે ક્રિમિનલ કેસ નં.૨૨૭ /૨૦૨૩ થી નોંધવામાં આવેલ અને આરોપી વિરુધ્ધ સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ.

**૫.** સદર સમન્સ ઈસ્યુ થયા બાદ ધાનપુર ના વિ.જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટ સમક્ષ આરોપી હાજર થયેલ હોય આરોપીને ચાર્જશીટ તથા તેની સાથેના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાની

ખાત્રી કરી આરોપી સામેના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હકુમત સેશન્સ અદાલતને પહોંચતી હોય ધાનપુરના વી.જયુડી.મેજીસ્ટ્રેટ શ્રી એ સી.આર.પી.સી.ની કલમ–૨૦૯ અંતર્ગત કમીટલ હુકમ પસાર કરી સદરહું કેસ ક્રિ. પ્રો. કો. ક.૨૦૯ અન્વયે અત્રેની એડિ. સેશન્સ કોર્ટ, લીમખેડાને કમીટ કરવામાં આવેલ. જયાં તે સેશન્સ કેસ નં.૦૬/૨૦૨૨ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ. ત્યારબાદ અન્ય આરોપી સામેનો કેસ રજુ થતાં ઉપર મુજબની કામગીરી કરી ધાનપુરના વી.જયુડી.મેજીસ્ટ્રેટ શ્રી એ સી.આર.પી.સી.ની કલમ–૨૦૯ અંતર્ગત કમીટલ હુકમ પસાર કરી સદરહું કેસ ક્રિ. પ્રો. કો. ક.૨૦૯ અન્વયે અત્રેની એડિ. સેશન્સ કોર્ટ, લીમખેડાને કમીટ કરવામાં આવેલ. જયાં તે સેશન્સ કેસ નં.૦૫/૨૦૨૫ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ.

**૬.** આ કામના આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ તેમના વિ.વકીલ શ્રી આર.વી.વણકર મારફતે હાજર થયેલા. સરકાર પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી એસ.વી.તડવી હાજર થયેલા. વિ.એ.પી.પી.શ્રી એસ. વી. તડવી તથા આરોપીઓ તર્ફેના વિ.વકીલશ્રી આર.વી.વણકરનાઓની ચાર્જ બાબતેની દલીલો સાંભળતા આરોપીઓ વિરૂધ્ધ પ્રથમદર્શનીય રીતે ચાર્જ ઘડી શકાય તેવો પુરાવો જણાઈ આવતા સેશન્સ કેસ નં. ૦૬/૨૦૨૨ ના કામે આરોપીઓ વિરૂધ્ધ આંક–૦૨ થી ગુનાનું તહોમતનામું ખુલ્લી અદાલતમાં ફરમાવી વાંચી સંભળાવી સમજાવતા આરોપીઓએ ગુનાની હકીકતોનો ઈન્કાર કરતા તે લગત આરોપીઓના નિવેદનો અનુક્રમે આંક–૦૩ અને ૦૪ થી રેકર્ડ કરી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

તે ઉપરાંત સેશન્સ કેસ નં.૦૫/૨૦૨૫ ના આરોપી અત્રેની અદાલત સમક્ષ તેમના વિ.વકીલ વિ.વ.શ્રી એ.વી.ચૌહાણ મારફતે હાજર થયેલા. સરકાર પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી એસ.વી.તડવીની તથા વિ.વ.શ્રી એ.વી.ચૌહાણની ચાર્જ બાબતેની દલીલો સાંભળતા આરોપી વિરૂધ્ધ પ્રથમદર્શનીય રીતે ચાર્જ ઘડી શકાય તેવો પુરાવો જણાઈ આવતા આરોપી વિરૂધ્ધ આંક–૦૪ થી ગુનાનું તહોમતનામું ખુલ્લી અદાલતમાં

ફરમાવી વાંચી સંભળાવી સમજાવતા આરોપીએ ગુનાની હકીકતોનો ઈન્કાર કરતા તે લગત આરોપીનું નિવેદન આંક–૦૫ થી રેકર્ડ કરી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

સેશન્સ કેસ નં.૦૬/૨૦૨૨ તેમજ સેશન્સ કેસ નં.૦૫/૨૦૨૫ એક જ ગુના રજીસ્ટરમાંથી ઉદ્ધભવેલા હોય, સેશન્સ કેસ નં.૦૫/૨૦૨૫ ના કામે આંક–૨૦ થી અરજી આપી ઉપરોકત બંન્ને સેશન્સ કેસો કોન્સોલીડેટ કરી સંયુકત પુરાવો નોંધવા અરજ ગુજારતા અત્રેની અદાલત દ્ધારા આક–૨૦ લગત હુકમ કરી ઉપરોકત બંન્ને સેશન્સ કેસો એક સાથે ચલાવી સેશન્સ કેસ નં.૦૬/૨૦૨૨ માં એક સાથે પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે.

**૭.** ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ પોતાનો કેસ સાબીત કરવા માટે ઉપર ફોર્મ–"સી" માં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**૮.** ફરિયાદ પક્ષે પુરાવો પૂર્ણ થતા વિ.એ.પી.પી.શ્રીએ આંક–૧૦૦ થી પુરાવા બંધની પુરસીસ આપેલી છે.

**૯.** ફરિયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થયા બાદ સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબના આરોપીઓના વધારાના નિવેદનો નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ પોતાની સામેના આક્ષેપીત ગુનાનો ઈન્કાર કરી ખોટી રીતે અટક કરી ખોટો કેસ કરેલ છે તેઓ તદ્દન નિર્દોષ હોવાની હકીકત જણાવેલ છે.

**૧૦.** ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.વી.તડવી તેમની દલીલોમાં જણાવે છે કે ફરિયાદ પક્ષ રજુ પુરાવાથી આરોપી સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરેલ હોય આરોપીને યોગ્ય નશ્યત કરવા રજુઆત કરેલ છે. જયારે આરોપી તર્ફેના વિ.વકીલશ્રી આર.વી.વણકર તથા એ.વી.ચૌહાણનાએ તેમની દલીલોમાં જણાવે છે કે આ કામના સાહેદો ફરિયાદ પક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ના હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

**૧૧.** ઉપરોકત હકીકતે સદર કેસના ન્યાયીક નિરાકરણ અર્થે મારા મતે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ :– શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૫/૫/૨૦૨૬ ના રોજ રાત્રીના આશરે કલાક ૨૩:૦૦ વાગ્યાના સુમારે મોજે મંડોર ગામે આ કામના ફરીયાદી તેમના ઘર ના આંગણામાં બહાર ઉંઘી રહેલ અને આ કામના સાહેદો ઘરની ઓસરીમા ઉંઘી રહેલ તે વખતે આ કામના આરોપીઓ તથા સહ આરોપીઓએ ફરીયાદીના ઘરે આવી ફરીયાદી તથા સાહેદોને લાકડીથી માર મારી ઘરમા બાંધી રાખેલ બળદ નંગ–૪ તથા બકરા નંગ–૪ તથા શરીરે પહેરેલ ચાંદીના દાગીના તથા નાકે પહેરવાનો સોનાનો કાંટો મળી કુલ કિ.રૂા.૧૧,૯૦૦/– મત્તાની લુંટ કરી નાશી જઇ ઇ.પી.કો.ક. ૩૯૪, ૩૯૭ મુજબના શિક્ષા પાત્ર ગુનાઓ કરેલ છે ?

મુદ્દા નં.ર :– શું હુકમ ?

**૧૨.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો કારણોસહીત નીચે મુજબ છે.
મુદ્દા નં.૧ :– નકારમાં.
મુદ્દા નં.ર :– આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

**મુદ્દા નં.૧ ની ચર્ચા :–**

**(૧૩) ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો :–**

**(૧૩.૧)** ફરિયાદ પક્ષે સાહેદ નં. ૧ તરીકે ફરીયાદી ભારતાભાઇ પરથીભાઇ ગોહીલને આંક–૦૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ કયારે અને

શુ બનેલ? તેની મને ખબર નથી. બનાવમા મારા ઘરમાથી બળદ, બકરા, ચાંદીના છડા, ચાંદીની ઝાંઝરી અને ચાંદીની કંઠીઓ અને નાકે પહેરેલ સોનાનો કાંટો વગેરે વસ્તુઓની ચોરી થયેલી. બનાવ રાતના સમયે બનેલો. બનાવમા મને પગે વાગેલ શુ વાગેલુ અને કોણે મારેલુ તેની મને ખબર નથી. આ સીવાય બીજુ કાંઇ યાદ નથી. મે પોલીસને બોલાવેલી પરંતુ શુ કરેલુ તેની મને ખબર નથી. મારી વસ્તુઓ મને પોલીસે આપેલી તેમ જણાવી ફરીયાદમા પોતાની સહી ઓળખી બતાવી આંક-૦૭ થી ફરીયાદ રજુ કરેલ છે.

સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ના હોય તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરવામા આવેલ છે. અને તેઓની ફરીયાદ પક્ષે વીગતવાર ઉલટ તપાસ કરવા છતા ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા નથી.

સદર સાહેદની બચાવપક્ષના વી.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવામા આવતા એ વાત ખરી છે કે, બનાવ રાત્રીના સમયમાં બનેલો.ચોર લુંટારા કયાના હતા અને કોણ હતા તેની મને ખબર નથી. મુદ્દામાલ પોલીસે મને આપેલો મુદ્દામાલ પોલીસ કયાંથી લાવી તેની મને ખબર નથી. પોલીસ મને કોઇ જગ્યાએ લઇ ગયેલ નહી.

સદર સાહેદને સેશન્સ કેસ નં.૦૫/૨૦૨૫ ના કામે સાહેદ નં.૧ તરીકે આંક-૮ થી સોગંદ પર તપાસવામાં આવેલા છે. જે જુબાની જોતા કોઇ મહત્વની હકીકત ખુલવા પામેલ નથી.

**(૧૩.૨)** ફરિયાદ પક્ષે સાહેદ નં. ૨ તરીકે સાહેદ ધીરજભાઇ પરથી ભાઇ ગોહીલને આંક-૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ કયારે અને શુ બનેલ તેની મને ખબર નથી. બનાવમા ભારતભાઇના ઘરમાથી બળદ, બકરા, ચાંદીના છડા, ચાંદીની ઝાંઝરી અને ચાંદીની કંઠીઓ અને નાકે પહેરેલ સોનાનો કાંટો વગેરે વસ્તુઓની ચોરી થયેલી. બનાવ રાતના સમયે બનેલો. બનાવમા ભારતભાઇને પગે વાગેલ શુ વાગેલુ અને કોણે મારેલુ તેની મને ખબર નથી. આ સીવાય બીજુ કાંઇ યાદ નથી. મે પોલીસને

બોલાવેલી પરંતુ શુ કરેલુ તેની મને ખબર નથી.પોલીસે મારો જવાબ લીધેલો કે કેમ તે હાલ મને યાદ નથી.

સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ના હોય તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરવામા આવેલ છે. અને તેઓની ફરીયાદ પક્ષે વીગતવાર ઉલટ તપાસ કરવા છતા ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા નથી.

સદર સાહેદની બચાવપક્ષના વી.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવામા આવતા એ વાત ખરી છે કે, બનાવ રાત્રીના સમયે બનેલો.ચોર લુંટરા કયાના હતા અને કોણ હતા તેની મને ખબર નથી.

**(૧૩.૩)** ફરિયાદ પક્ષે સાહેદ નં. ૩ તરીકે સાહેદ સુમલાભાઈ પરથી ભાઈ ગોહીલને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ સને ૨૦૦૬ માં બનેલો તે વખતે અમારા ઘરમાં લુંટ થયેલી. અમારા ઘરમાથી ચાર બળદ, બકરા, ચાંદીના છડા, ચાંદીની ઝાંઝરી અને ચાંદીની કંઠીઓ અને નાકે પહેરેલ સોનાનો કાંટો વગેરે વસ્તુઓની ચોરી થયેલી. બનાવ રાતના સમયે બનેલો. બનાવમા ભારતભાઈને પગે વાગેલ શુ વાગેલુ અને કોણે મારેલુ તેની મને ખબર નથી. આ સીવાય બીજુ કાંઈ યાદ નથી. મે પોલીસને બોલાવેલી પરંતુ શુ કરેલુ તેની મને ખબર નથી.પોલીસે મારો જવાબ લીધેલો કે કેમ તે હાલ મને યાદ નથી.

સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ના હોય તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરવામા આવેલ છે. અને તેઓની ફરીયાદ પક્ષે વીગતવાર ઉલટ તપાસ કરવા છતા ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા નથી.

સદર સાહેદની બચાવપક્ષના વી.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવામા આવતા એ વાત ખરી છે કે, બનાવ રાત્રીના સમયે બનેલો.ચોર લુંટરા કયાના હતા અને કોણ હતા તેની મને ખબર નથી.

**(૧૩.૪)** ફરિયાદ પક્ષે સાહેદ નં.૪ તરીકે સાહેદ પ્રકાશભાઈ ભારત ભાઈ ગોહીલને આંક–૧૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ

તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ સને ૨૦૦૬ માં બનેલો તે વખતે અમારા ઘરમાં લુંટ થયેલી. અમારા ઘરમાથી ચાર બળદ, બકરા, ચાંદીના છડા, ચાંદીની ઝાંઝરી અને ચાંદીની કંઠીઓ અને નાકે પહેરેલ સોનાનો કાંટો વગેરે વસ્તુઓની ચોરી થયેલી. બનાવ રાતના સમયે બનેલો. બનાવમા પિતા ભારતભાઇને પગે વાગેલ શુ વાગેલુ અને કોણે મારેલુ તેની મને ખબર નથી. આ સીવાય બીજુ કાંઇ યાદ નથી. મે પોલીસ ને બોલાવેલી પરંતુ શુ કરેલુ તેની મને ખબર નથી.પોલીસે મારો જવાબ લીધેલો કે કેમ તે હાલ મને યાદ નથી.

સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ના હોય તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરવામા આવેલ છે. અને તેઓની ફરીયાદ પક્ષે વીગતવાર ઉલટ તપાસ કરવા છતા ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા નથી.

સદર સાહેદની બચાવપક્ષના વી.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવામા આવતા એ વાત ખરી છે કે, બનાવ રાત્રીના સમયે બનેલો.ચોર લુંટરા કયાના હતા અને કોણ હતા તેની મને ખબર નથી.

**(૧૩.૫)** ફરિયાદ પક્ષે સાહેદ નં.પ તરીકે પંચ સાહેદ રમેશભાઇ મકનસીહ બામણીયાને આંક-૧૯ તથા સાહેદ નં.૬ તરીકે પંચ સાહેદ હીરાભાઇ મકનાભાઇ ડામોરને આંક-૨૧ થી તપાસવામા આવેલ છે. તેઓના પુરાવા મુજબ પોલીસે તેઓની લખેલા કાગળમા સહી કરાવેલી. આ લખાણ શેનુ હતુ તે મે વાંચેલ નહી કે પોલીસે મને વાંચી સંભળાવેલી નહી મારી હાજરીમા પોલીસે કોઇ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કર્યુ હોય તેવુ બન્યુ નથી. તેમ જણાવી આંક-૨૦ ના પંચનામામા માત્ર પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તેઓની જુબાનીમાં જોવામા આવે તો તેઓ પંચનામામા તેમની સહી હોવા સીવાયની તમામ હકીકતોનો ઇન્કાર કરતા હોય તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામા આવેલ છે.અને વીગત વાર ઉલટ તપાસ કરવા છતાં પંચનામાને સમર્થન કારી કોઇ હકીકત તેઓ જણાવતા નથી.

**(૧૩.૬)** ફરિયાદ પક્ષે સાહેદ નં.૭ તરીકે પંચ સાહેદ વાલચંદભાઇ ઉકારભાઇ પરમારને આંક–૨૨ તથા સાહેદ નં.૮ તરીકે પંચ સાહેદ સોમજીભાઇ માનસીંગભાઇ ભુરીયાને આંક–૨૪ થી તપાસવામા આવેલ છે. તેઓના પુરાવા મુજબ પોલીસે તેઓની લખેલા કાગળમા સહી કરાવેલી. આ લખાણ શેનુ હતુ તે મે વાંચેલ નહી કે પોલીસે મને વાંચી સંભળાવેલી નહી. પોલીસ મને કોઇ જગ્યાએ લઇ ગયેલ હોય કે મારી હાજરીમા કોઇ મુદ્ધામાલ બકરીઓ તથા દાગીના કબજે કરેલ હોય તેનુ પંચનામુ કર્યુ હોય તેવુ બન્યુ નથી. તેમ જણાવી આંક–૨૩ ના પંચનામા મા માત્ર પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તેઓની જુબાનીમાં જોવામા આવે તો તેઓ પંચનામામા તેમની સહી હોવા સીવાયની તમામ હકીકતોનો ઇન્કાર કરતા હોય તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામા આવેલ છે. અને વીગત વાર ઉલટ તપાસ કરવા છતાં પંચનામાને સમર્થનકારી કોઇ હકીકત તેઓ જણાવતા નથી.

**(૧૩.૭)** ફરિયાદ પક્ષે સાહેદ નં.૯ તરીકે પંચ સાહેદ રમેશભાઇ સબુરભાઇ બામણીયાને આંક–૨૬ તથા સાહેદ નં.૧૦ તરીકે પંચ સાહેદ બાબુભાઇ મોતીભાઇ મખોડને આંક–૩૦ થી તપાસવામા આવેલ છે. તેઓના પુરાવા મુજબ પોલીસે તેઓની લખેલા કાગળમા સહી કરાવેલી. આ લખાણ શેનુ હતુ તે મે વાંચેલ નહી કે પોલીસે મને વાંચી સંભળાવેલી નહી. પોલીસે મારી હાજરીમા કોઇ પંચનામા કર્યા હોય અને કોઇ મુદ્ધામાલ કબજે કરેલ હોય તેવુ બન્યુ નથી. તેમ જણાવી આંક–૨૭ થી ૨૯ ના પંચનામામાં માત્ર પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તેઓની જુબાનીમાં જોવામા આવે તો તેઓ પંચનામામા તેમની સહી હોવા સીવાય ની તમામ હકીકતોનો ઇન્કાર કરતા હોય તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામા આવેલ છે. અને વીગત વાર ઉલટ તપાસ કરવા છતાં પંચનામાને સમર્થન કારી કોઇ હકીકત તેઓ જણાવતા નથી.

**(૧૩.૮)** ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૧ તરીકે પંચ સાહેદ કનુભાઇ સવલાભાઇ ભાભોરને આંક–૩૩ થી તપાસવામા આવેલ છે. તેઓના પુરાવા મુજબ પોલીસે તેઓની લખેલા કાગળમા સહી કરાવેલી. આ

લખાણ શેનુ હતુ તે મે વાંચેલ નહી કે પોલીસે મને વાંચી સંભળાવેલી નહી.મારી હાજરીમા કોઇ મુદ્ધામાલ ઓળખ અંગેનુ મામલતદાર રૂબરુ પંચનામુ કરેલ હોય તેવુ બન્યુ નથી. તેમ જણાવી આંક–૩૪ ના પંચનામામાં માત્ર પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તેઓની જુબાનીમાં જોવામા આવે તો તેઓ પંચનામામા તેમની સહી હોવા સીવાય ની તમામ હકીકતોનો ઈન્કાર કરતા હોય તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામા આવેલ છે. અને વીગત વાર ઉલટ તપાસ કરવા છતાં પંચનામાને સમર્થન કારી કોઈ હકીકત તેઓ જણાવતા નથી.

**(૧૩.૯)** ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૨ તરીકે પંચ સાહેદ કરણસીહ માનસીંગ ચૌહાણને આંક–૩૫ તથા સાહેદ નં.૧૩ તરીકે પંચ સાહેદ અમરસીહ દલાભાઇ ચૌહાણને આંક–૪૬ થી તપાસવામા આવેલ છે. તેઓના પુરાવા મુજબ પોલીસે તેઓની લખેલા કાગળમા સહી કરાવેલી. આ લખાણ શેનુ હતુ તે મે વાંચેલ નહી કે પોલીસે મને વાંચી સંભળાવેલી નહી.મારી હાજરીમા કોઇ મુદ્ધામાલ ઓળખ અંગેનુ પંચનામુ કરેલ હોય તેવુ બન્યુ નથી. તેમ જણાવી આંક–૩૬ ના પંચનામામાં માત્ર પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તેઓની જુબાનીમાં જોવામા આવે તો તેઓ પંચનામામા તેમની સહી હોવા સીવાય ની તમામ હકીકતોનો ઈન્કાર કરતા હોય તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામા આવેલ છે. અને વીગત વાર ઉલટ તપાસ કરવા છતાં પંચનામાને સમર્થન કારી કોઈ હકીકત તેઓ જણાવતા નથી.

**(૧૩.૧૦)** ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૪ તરીકે પંચ સાહેદ તેરૂભાઇ માનજીભાઇ હઠીલાને આંક–૫૯ થી તપાસવામા આવેલ છે. તેઓના પુરાવા મુજબ પોલીસે તેઓની લખેલા કાગળમા સહી કરાવેલી. આ લખાણ શેનુ હતુ તે મે વાંચેલ નહી કે પોલીસે મને વાંચી સંભળાવેલી નહી. તેમ જણાવી આંક–૬૦ ના પંચનામામાં માત્ર પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તેઓની જુબાનીમાં જોવામા આવે તો તેઓ પંચનામામા તેમની સહી હોવા સીવાય ની તમામ હકીકતોનો ઈન્કાર કરતા હોય તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામા આવેલ છે. અને વીગત વાર

ઉલટ તપાસ કરવા છતાં પંચનામાને સમર્થન કારી કોઇ હકીકત તેઓ જણાવતા નથી.

**(૧૩.૧૧)** ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૫ તરીકે સાહેદ ધનાભાઇ પરથીભાઇ ગોહીલને આંક–૬૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,બનાવ સને–૨૦૦૬ માં બનેલો તે વખતે હુ મારી નોકરીના સ્થળે નગરાળા આશ્રમ શાળામા મારી ફરજ પર હતો. તે વખતે સવારના મારા ઉપર મારા મોટા ભાઈનો ફોન આવેલ અને જણાવેલ કે તઓના ઘરમાં લુટ થયેલી, અમારા ઘરમાથી ચાર બળદ, બકરા ચાંદીના છડા ચાંદીની જાજરી અને ચાદીની કંઠીઓ અને નાકે પહેરેલ સોનાનો કાટો વગેરે વસ્તુઓની ચોરી થયેલી. બનાવ રાતના સમયે બનેલો. બનાવમાં મારાભાઈ ભારતાભાઈને પગે વાગેલુ શુ વાગેલુ અને કોણે મારેલુ તેની મને ખબર નથી. આ સીવાય બીજુ કંઈ યાદ નથી. મને પોલીસે બોલાવેલો પરંતુ શુ કરેલુ તેની મને ખબર નથી. પોલીસે મારો જવાબ લીધેલો.

સદર સાહેદની બચાવપક્ષના વી.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ લેવામા આવતા એ વાત ખરી છે કે, બનાવની જાણ મારા ભાઈએ મને કરતા થયેલી.બનાવ સમયે હુ બનાવ વાળી જગ્યાએ હાજર ન હતો.મારા ભાઈના કહેવાથી બનાવમા દાગીના તથા અન્ય ચીજ વસ્તુઓની લુટ થયેલાનુ જાણેલુ. મારા ભાઈના લુંટમાં ગયેલા દાગીના આજ સુધી પરત મળેલ નથી.

**(૧૩.૧૨)** ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૬ તરીકે ત.ક.અ.સાહેદ ચેતનભાઇ બાબુભાઇ બરંડાને આંક–૮૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હુ તા.૨૮–૦૩–૨૦૨૩ ના રોજ ધાનપુર પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.આઈ તરીકે ફરજ બજવતો હતો તે દરમ્યાન ધાનપુર પોલીસ સ્ટેશન ફ.ગુના રજી.૧૭/૨૦૦૬, ઈ.પી.કો.કલમ–૩૯૪, ૩૯૭ મુજબનો ગુનો દાખલ થયેલ. આ ગુનાના કામે આરોપીઓ વિરુધ્ધ ના.જયુડીશીયલ કોર્ટમા ચાર્જસીટ કમીટ કરી મોકલી આપેલ હતો જેનો ક્રિમીનલ કેસ ન. ૮૩૫/૨૦૧૧ થી

નોંધાયેલ હતો. ત્યારબાદ ધાનપુર કોર્ટના જજ સાહેબ ધ્વારા આરોપી નરેશભાઈ વાઘજીભાઈ પલાસ નાઓ પુરતુ ચાર્જસીટ અલગ કરવા હુકમ કરવામા આવેલ હતો. જે હુકમના આધારે અમોએ ના. કોર્ટમા આરોપી નરેશભાઈ વાઘજીભાઈ પલાસ વિરુધ્ધ ચાર્જસીટ કરેલ.

સદર સાહેદની બચાવપક્ષના વી.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ લેવામા આવતા એ વાત ખરી છે કે,મે આ ગુનાના કામે ડ્રાફ્ટ ચાર્જશીટ કરેલ તે સીવાય અન્ય કોઇ કામગીરી કરેલ નથી.

**(૧૪) પુરાવાકીય મુલ્યાંકન :-**

**(૧૪.૧)** પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે કોર્ટે ધ્યાનમાં રાખવાના માર્ગદર્શક સિધ્ધાંતોની ચર્ચા અવારનવાર નામદાર સર્વોચ્ચ અદાલતે તથા નામદાર વડી અદાલતે અનેક વિવિધ ચુકાદાઓમાં કરેલ છે તે મુજબ અને ન્યાય શાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકારહીત પુરવાર કરવાનો છે અને ફરિયાદ પક્ષ જયાં સુધી આરોપી સામે નો આક્ષેપીત ગુનો પુરવાર ના કરે ત્યાં સુધી આરોપી ગુનેગાર નથી તેવું કોર્ટે માની લેવાનું છે.એટલું જ નહી પરંતુ ફરિયાદ પક્ષના પુરાવામાં સહેજ પણ શંકા કે ત્રુટી જણાઈ તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર રહે છે. એવીડન્સ એકટની કલમ-૧૦૧ થી ૧૧૦ ની જોગવાઈ મુજબ ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો છે. આરોપીના નબળા બચાવનો ફરિયાદ પક્ષ લાભ મેળવી શકવાને પાત્ર ઠરતા નથી કે આરોપી પોતાના વિરૂધ્ધ પુરાવો આપવા જવાબદાર ઠરતા નથી. સમગ્ર ટ્રાયલ દરમ્યાન આરોપી મૌન રહેવા માટે પણ અધિકાર ધરાવે છે અને સમગ્ર પુરાવાનું વિશ્લેષણ કરતા એક કરતા વધુ વ્યુહ જણાઈ આવતા હોય તો હંમેશા આરોપીની તરફેણના વ્યુહને અપનાવાનો છે, તેવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે સિધ્ધાંતને નજર સમક્ષ રાખી હાથ ઉપરના કેસના પડેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

**(૧૪.૨)** પ્રત્યેક ગુન્હામાં બે મહત્વની બાબત હંમેશા પુરવાર કરવા ની હોય છે. ગુન્હો બન્યો છે તેવી હકીકત પ્રથમ પુરવાર થવી જોઈએ તથા

કોણે ગુન્હો કર્યો છે તેવી હકીકત ત્યાર બાદ પુરવાર થવી જોઈએ. ફોજદારી કાર્યવાહીમાં ઓળખને લગતો પ્રશ્ન મોટા ભાગે મહત્વનો ભાગ ભજવે છે. જયારે સાહેદો બનાવ પહેલાંથી જ આરોપીને ઓળખતા હોય અથવા બનાવ સમયે તત્કાળ જ આરોપીને અટક કરવામાં આવ્યા હોય ત્યારે આરોપીની ઓળખ પુરવાર કરવી આવશ્યક નથી. મોટે ભાગે લુંટના કિસ્સામાં ઓળખનો પ્રશ્ન મહત્વનો બની રહે છે.તેમાં પણ અજવાળું ઓછું હોય તેવા સમયે બનતા ગુન્હામાં આરોપીની ઓળખ ગુંચવણભર્યો પ્રશ્ન ખડો કરે છે અને તપાસ માટે પડકારરૂપ હોય છે.આવા કિસ્સામાં શક પર થી વ્યકિતને અટક કરવામાં આવી હોવાના કારણે વાસ્તવમાં તે જ વ્યકિત ગુન્હો આચરનાર છે કે કેમ તે નકકી કરવાનું હોય છે. ગુન્હાના સમય દરમ્યાન દિવસનું અજવાળું હતું કે રાત્રિનો અંધકાર હતો ? ગુન્હો કરનાર અને સાહેદ વચ્ચેનું અંતર તથા એકબીજાને ઓળખવા-જોવા માટે મળેલી તક અથવા તો પુરતો સમય મળેલ હતો કે કેમ ? આવા પાસા ઓને નિર્ણય પર આવવા માટે લક્ષમાં લેવા જોઈએ.

**(૧૪.૩)** આ કામે રજુ થયેલા તમામ પુરાવાનું ઝીણવટપુર્વક અવલોકન કરવામાં આવે તો આ કામે ફરિયાદ પક્ષના તમામ સાહેદોનો સોગંદ ઉપરનો પુરાવો જોતા તેઓએ બનાવમાં આ કામના ફરીયાદી ભારતભાઇ પરથીભાઇ ગોહીલના ઘરે લૂંટ થયાની હકીકતને સમર્થન આપેલ છે. જો કે, સદર સાહેદોની ઉલટતપાસ જોવામાં આવે તો તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે બનાવ રાત્રીના સમયે બનેલો તથા ચોર લુટારુઓ કયાના હતા અને કોણ હતા તેની તેઓને ખબર નથી.

આમ સદર સાહેદોની જુબાનીમાંથી હાલના આરોપીઓની ઓળખ પ્રસ્થાપિત થતી નથી. આમ, સાહેદોની જુબાનીમાંથી સદર આરોપીની ઓળખ અંગેનો કોઈ પુરાવો આવતો નથી. આ સંજોગોમાં સાહેદોએ હાલ ના આરોપીઓને ઓળખેલ હોય તેવી હકીકત સ્પષ્ટ થતી નથી. આમ બનાવ ના નજરે જોનાર તથા ભોગ બનનાર સાહેદો જ પોતાની જુબાનીમાં ચોર લુંટારાઓમાં હાલના આરોપીઓ સામેલ હતા તે બાબતે કોઈ જ માનવા લાયક પુરાવો રજુ કરતા નથી અને તેઓએ હાલના આરોપીને

ઓળખેલ નથી. આમ કામના આરોપીઓને ઓળખી બતાવેલ હોય તેવી કોઈ હકીકત આ સાહેદોની જુબાનીમાંથી ફલીત થતી નથી. આમ આ કામના  સાહેદો ની જુબાનીમાંથી ફરિયાદમાં જણાવેલ ઢોર ઢાંખર અને દાગીનાની માત્ર લૂંટ થયેલ છે તેટલી જ હકીકતને માની શકાય પરંતુ આ ફરીયાદી સાહેદો ની જુબાનીથી ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ હાલના કામના આરોપીએ જ લુંટ કરી ગુનો કરેલાની હકીકતને ની:શંકપણે માની શકાય નહી કારણકે આ સાહેદો પોતાની સરતપાસમાં માત્ર લુંટ થયેલાની હકીકત જણાવે છે, પરંતુ આ લુંટ કોણે કરેલ તથા બનાવ સમયે હાલના આરોપીઓએ ભોગ બનનાર ઇસમોને માર મારેલ હોય તે બાબતે પોતાની જુબાનીમાં કોઇ ઠોસ પુરાવો રજૂ કરતા નથી. તે ઉપરાંત આ કામના આરોપીઓ પાસેથી  લુંટમાં ગયેલ કહેવતો મુદ્દામાલ કબજે કરેલ હોવાનો ફરીયાદ પક્ષનો કેસ છે અને આવો મુદ્દામાલ તટસ્થ પંચો રૂબરૂ કબજે કરેલ હોવાનો કેસ તેઓએ મુકેલ છે. જો કે રેકર્ડ ઉપર આવેલો પુરાવો જોવામાં આવે તો આ સંબંધેના પંચનામાઓ જોતાં એક પણ પંચ સાહેદે તેઓના રૂબરૂ આરોપીઓ પાસેથી લુંટમાં ગયેલ મુદ્દામાલ કબજે કરેલ હોવાની હકીકતનોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. એટલુ જ નહી, સદરહું તટસ્થ પંચસાહેદોને ખુદ ફરીયાદ પક્ષે અવિશ્વસનીય સાહેદો જાહેર કરેલા છે. તે સંજોગોમાં હાલના આરોપીઓ પાસેથી લૂંટમાં ગયેલ મુદામાલ કબજે કરવામાં આવેલ હોય તેવી પણ કોઇ હકીકત પૂરવાર થયેલ નથી. જેથી હાલના આરોપીઓને કસુરવાર ઠરાવી શકાય નહી.

તે ઉપરાંત રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં તપાસવામાં આવેલા અને બનાવ સમયે હાજર હતા તેવા એક પણ સાહેદની સોગંદ પરની જુબાની દ્રારા કોઇ આરોપીની ઓળખ વાજબી પુરાવાથી પુરવાર થતી નથી તથા આ કામે આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરાવેલ હોય તેવો પણ કોઈ પુરાવો રજુ થયેલ નથી.

**(૧૪.૪)** ઉપરોકત તમામ પુરાવાઓને વંચાણે લેતા અને તમામે તમામ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતા એ હકીકત નિર્વિવાદપણે ફલીત થાય છે કે આંક–૭ વાળી ફરિયાદ વંચાણે લેતા તેમાં હાલના કોઈ

આરોપીનું નામ, સરનામું કે શારીરીક બાંધાનું કોઈ વર્ણન દર્શાવેલ નથી. ત.ક. અમલદારની રજુ જુબાનીઓ જોતા તેઓએ પોતાની તપાસને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ છે પરંતુ હાલના આરોપીઓ પાસેથી ગુનાના કામે લુંટમાં ગયેલ કોઈપણ પ્રકારનો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો આપતા નથી. ફરિયાદ અજાણ્યા ઈસમ વિરૂધ્ધ આપવામાં આવેલ હોય અને ત્યાર બાદ તપાસના કામે કોઈ આરોપીની સંડોવણી ખુલતી હોય તેવા સંજોગોમાં ત.ક.અમલદારની એ ફરજ બની રહે છે કે તેઓએ આવા આરોપીને સાહેદો રૂબરૂ એવીડન્સ એકટની કલમ-૯ મુજબ કાયદેસરની ઓળખપરેડ હાથ ધરાવવી પડે. પરંતુ ત.ક.અમલદારે સમગ્ર તપાસ દરમ્યાન કે સાહેદો મારફતે આરોપીની નિયમ મુજબ કોઈ ઓળખ પરેડ કરાવામાં આવેલ નથી. એટલું જ નહી પરંતુ સમગ્ર તપાસ જોતા હાલના આરોપીને કોઈ પણ સાહેદે કોઈ પણ તબકકે ઓળખી બતાવેલ હોય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર જણાઈ આવતો નથી અને તેવા સંજોગોમાં એકમાત્ર ત.ક.અમલદાર સમક્ષ રીમાન્ડના કામે આરોપી એ કરેલ કબુલાતને આધીન આરોપીને મચકુર ગુના સબબ સંડોવી દેવા ન્યાયોચીત ગણી શકાય નહી.

**(૧૪.૫)** એટલું જ નહી,પરંતુ એક તબકકે ત.ક.અમલદારની જુબાની માની લેવામાં આવે કે હાલના આરોપીએ તેઓની રૂબરૂ અન્ય ગુનાના કામે રીમાન્ડ દરમ્યાન પુછપરછમાં હાલના ગુનાની કબુલાત કરેલી તો પણ તેવી કબુલાત એવીડન્સ એકટની કલમ-૨૫ અને ૨૬ ની જોગવાઈ જોતા પુરાવામાં ગ્રાહય ગણી શકાય નહી.ત.ક.અમલદારે એવીડન્સ એકટ ની કલમ-૨૭ ની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરેલ હોય તેવું રેકર્ડ ઉપરથી ફલીત થતું નથી. હાલના આરોપીઓનો ગુનાના કામે ચોકકસ શું રોલ હતો, તે બતાવતો કોઈ પણ પ્રકારનો આધારભૂત પુરાવો ફરિયાદ પક્ષ આ કામે રજુ કરી પુરવાર કરી શકેલ નથી. ઓળખ પરેડ હાથ ના ધરવા સબબનું કોઈ ચોકકસ કારણ ત.ક.અમલદારે આપેલ નથી.

**(૧૪.૬)** આમ, ઉપરોકત રજુ પુરાવાથી હાલના આરોપીઓની ગુનાના કામે નિ:શંકપણે સંડોવણી હોવાની હકીકત જણાવતા નથી.

એટલું જ નહી પરંતુ હાલના આરોપીઓ પાસેથી કોઈ પણ પ્રકારનો મુદ્દામાલ રિકવર કરવામાં આવેલ હોવાનું પુરવાર થતું નથી. ત.ક. અમલદારે પણ આરોપીઓને અટક કર્યા બાદ ફરિયાદી કે બનાવનો ભોગ બનનાર અન્ય કોઈપણ સાહેદ મારફતે આરોપીઓની ઓળખપરેડ કરાવેલ નથી અને તે તમામ સંજોગોને આધારે જયારે ફરિયાદ પક્ષ આરોપી સામેનો આક્ષેપીત ગુનો કડીબધ્ધ રીતે પુરવાર કરી શકેલ ના હોય તે સંજોગોમાં આરોપીઓ નિર્દોષ છુટકારા માટે હકકદાર ઠરે છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય **મુદ્દા નં.૧ નો જવાબ તે રીતે નકાર**માં આપી નીચે મુજબનો **મુદ્દા નં.ર નો આખરી હુકમ** કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

> આ કામના આરોપી : સેશન્સ કેસ નં.૬/૨૦૨૨ ના કામના આરોપીઓ ૧. બાલુભાઇ રસુલભાઇ પરમાર રહે.–કાંટુ, તા.ધાનપુર, જી.દાહોદ. ૨. રૂમાલભાઇ કાળીચાભાઇ પલાસ રહે.–ખજુરીયા તા.ગરબાડા,જી.દાહોદ. તથા **સેશન્સ કેસ નં.૫/૨૦૨૫** ના કામના આરોપી ૧. નરેશભાઇ વાઘજીભાઇ પલાસ રહે.–આંબલી ખજુરીયા તા.ગરબાડા,જી.દાહોદ. નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૨૩૫(૧) અન્વયે તેઓની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૪, ૩૯૭ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી  નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

> આ કામે અન્ય આરોપીઓ નાસતા ફરતા હોય મુદ્દામાલ સંબંધે કોઇ આખરી હુકમ કરવામાં આવતો નથી.

> આ કામના આરોપીઓ જામીન ઉપર મુકત હોય તેઓના જામીનખત તથા જાતમુચરકા રદ કરવા.

> દરેક આરોપીએ સી.આર.પી.સી. કલમ–૪૩૭(એ) મુજબના અપીલ સમય સુધીના રૂા.૧૫,૦૦૦/– ના જામીન આપવા.

હુકમ આજ તા.૦૯ મી, માહે –જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૭/૨૦૨૬ (મીનાક્ષી મહેશ સોની)
સ્થળ : લીમખેડા બીજા એડી.સેશન્સ જજ, દાહોદ
મુ. લીમખેડા, જી.દાહોદ.
CODE NO. GJ00740

(H D RAVAL)